# પુનરાવર્તન 2 (એકમ-1થી 14)

**ચાલો, ફરીથી યાદ કરી લઈએ :**

- ભારતના ધાર્મિક-સામાજિક ક્રાન્તિના પ્રણેતાઓ જેમકે, દયાનંદ સરસ્વતી.
- પ્રદૂષણ અને તેનાં કારણો
- પ્રદૂષણ કેવી રીતે ફેલાય છે ?
- આપણે પ્રદૂષણ કેવી રીતે રોકી શકીશું ?
- રાષ્ટ્રવાદનો ઉદય અને વિકાસ
- સર્વોચ્ચ અદાલત એટલે સુપ્રિમ કોર્ટ
- ભારતના ક્રાન્તિવીરો
- વસતિવિસ્ફોટઃ સમસ્યા અને શક્તિનો સ્રોત.
- ગાંધીજી અને તેમનાં આંદોલનો
- ભારતની સમસ્યા અને ઉપાયો
- ‘અર્થવ્યવસ્થા’ એટલે શું ?
- આઝાદી કેવી રીતે મળી ?
- વિશ્વની સંસ્થાઓ : સંયુક્ત રાષ્ટ્ર
- હિન્દુસ્તાનનું વિભાજન અને રજવાડાઓનું વિલીનીકરણ
- આપણો ખંડ એશિયા અને આફ્રિકન સફારી.

**ચાલો સમજીએ :**

- ધાર્મિક સામાજિક રૂઢિચુસ્તતાનાં કારણો
- પર્યાવરણીય પ્રદૂષણ
- પર્યાવરણીય પ્રદૂષણનાં કારણો
- રાષ્ટ્રવાદ
- રાષ્ટ્રવાદ અને ભારતનો ભવ્ય વારસો
- ભારતની સુપ્રિમ કોર્ટ અને ન્યાયવ્યવસ્થા
- ક્રાન્તિવીરોનું યોગદાન
- માનવ-એક સંસાધન સ્વરૂપે

- ગાંધીજી અને સત્યાગ્રહ
- ભ્રષ્ટાચાર, મોંઘવારી, ગરીબી, આતંકવાદ - સંકલ્પનાઓની સ્પષ્ટતા
- રૂપિયાની યાત્રા
- સ્વતંત્રતા
- સંયુક્ત રાષ્ટ્ર અને તેની સંસ્થાઓ
- ભારત : આઝાદી પહેલાં અને પછી
- એશિયા અને આફ્રિકાની પ્રાકૃતિક અને માનવીય વિશેષતા

**ચાલો વિચારીએ :**

- આપણા સમાજના કુરિવાજો અને અંધશ્રદ્ધા કેવી રીતે દૂર કરી શકાય ?
- શું તમને લાગે છે કે ફટાકડાં ફોડવાથી અને લાઉડસ્પીકરો વગાડવાથી કોઈ પ્રકારનું પ્રદૂષણ થતું હોય ?
- આજે બંગાળાના ભાગલા કરવામાં આવે તો તમારા મતે કંઈ નુકસાન થાય ?
- સુભાષચંદ્ર બોઝની જગ્યાએ તમે હોત તો શું કરત ?
- ફાંસીનો કાયદો ચાલુ રાખવો જોઈએ કે બંધ કરવો જોઈએ ? શા માટે ?
- આઝાદ હિંદ ફોજ માટે તમે કેવો ધ્વજ પસંદ કરશો ?
- 'નાનું કુટુંબ, સુખી કુટુંબ' સાચું કે ખોટું ? શા માટે ?
- ગાંધીજીનો સત્યાગ્રહનો માર્ગ તમને કેવો લાગ્યો ?
- તમે આતંકવાદીઓ વચ્ચે ફસાઈ જાઓ તો શું કરશો ?
- તમને સંયુક્ત રાષ્ટ્રોના વડા બનાવવામાં આવે તો ?

**ચાલો જાતે કરીએ :**

- શાળાના જળસ્રોતની તપાસ કરવી.
- એશિયા અને આફ્રિકા દેશનો નકશો મેળવી તેના મોટાં શહેરોની યાદી બનાવો.
- વસતિગણતરી કરવા કેવા કેવા પ્રશ્નો પૂછશો તેની યાદી કરો.
- તમારો જન્મ આફ્રિકા ખંડમાં થયો હોય તો તમે કેવા હો તેના વિશે 5 વાક્યો લખો.
- રાષ્ટ્રિય એકતા માટે તમે કયા કયા પ્રયત્નો કરશો, તેની યાદી તૈયાર કરો.

• • •